ગુજરાત સમાચાર



ગુજરાત સુપ્રસિધ્ધ હાસ્યસાહિત્યકાર ‘ગુજરાત સમાચાર’ના કટારલેખક અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી બકુલ ત્રિપાઠીનું આજે સાંજ ૩-૩૦ કલાકે હૃદયરોગના હુમલાથી ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું હતું. આજે સાંજે અચાનક તેમને છાતીમાં દુખાવો ઉપડતાં તાત્કાલિક સ્ટર્લિંગ હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ડૉક્ટરોના અથાગ પ્રયત્નો છતાં તેમને બચાવી શકાયા ન હતા. ગુજરાત સમાચારમાં છેલ્લા પંચાવન વર્ષથી લગાતાર તેમની કોલમ ‘ક્કકો બારાખડી’ અને ‘સોમવારની સવારે’ પ્રસિધ્ધ થતી હતી. વિશ્વભરમાં આટલું વિપુલ અને આટલું સતત સર્જન કરનાર તેઓ એકમાત્ર સર્જક હતા જેની નોધ લિમ્કા બુક ઓફ રેકોર્ડસ્ દ્વારા લેવામાં આવી છે. ગુજરાતી સાહિત્ય જગતમાં જ્યોતિન્દ્ર દવે પછીના યુગના એક ‘ધ્રુવતારક’નો અસ્ત થયો હોવાની સાહિત્યકારોએ લાગણી વ્યક્ત કરી હતી. સદ્‌ગતના પત્ની વીણાબેન હાલ અમેરિકા છે અને તેઓ આવ્યા પછી શનિવારે સવારે ૧૦ વાગે અંત્યેષ્ઠિ વિધી કરવામાં આવશે. શ્રી બકુલ ત્રિપાઠીના અવસાનના સમાચાર પ્રસરતાં મોટી સંખ્યામાં સાહિત્યકારો અને પત્રકારો હોસ્પિટલ પર પહોંચી ગયા હતાં અને ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી.